# ચિલોડા મોટા સર્કલ પાસે ગુટખાનું વેચાણ કરતો વેપારી પકડાયો

## વિવિધ બ્રાન્ડની ગુટખાનું વેચાણ કરતો હતો

ચિલોડા, તા.૧૨

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા સર્કલ નજીક ગાંધીનગર જવાના માર્ગ પર આવેલ એક પાનના ગલ્લાવાળો ગલ્લામાં ગુટખાનો વેચાણ કરતા પોલીસે ઝડપી લીધો હતો.

આ અંગે મળેલી માહિતી મુજબ ચિલોડા સર્કલ નજીક ગાંધીનગર જવાના માર્ગ પર મહુન્દ્રા ગામના તળાવે રહેતો તારુભાઈ નારણભાઈ વણઝારા ગુટખાનું વેચાણ કરતા માલુમ પડયો હતો. જેમાં ચિલોડા પોલીસ વિસ્તારમાં ગુટખા ડ્રાઈવ પેટ્રોલીંગ કરતા હતા. તે દરમિયાન પેટ્રોલીંગ કરતાં ચિલોડા પોલીસ સ્ટાફને બાતમીના આધારે એક પાનના ગલ્લાવાળો તેના પાનના ગલ્લામાં ગેરકાયદેસર ગુટખાનો વેચાણ કરતાં તપાસમાં જણાઈ આવતાં આ ઈસમ ગલ્લાની અંદરના ભાગે બેઠેલ તારુભાઈ નારણભાઈ વણઝારા ગલ્લામાં એક પ્લાસ્ટીકની કોથળીમાં ગુટખા રાખી વેચાણ કરતો હોવાનું જણાતાં કોથળીમાંથી મહક સિલ્વર ગુટકા નં.૬, ઝટપટ નંગ-૮, વિમલ ગુટખા નંગ-૧૩ કેતન સિલ્વર નંગ-૨, કુબેર નંગ-૧, ગોવા ગુટખા નંગ-૧, કુલ ૪૧ નંગ મળી આવતાં પોલીસે ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.બી. વાઘેલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.




રાજયમાં ગુટખા પર લદાયેલા પ્રતિબંધને ગાંધીનગરમાં સંપૂર્ણપણે અમલવારી કરાવવા માટે જિલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા પાટનગરના વિવિધ ૨૦ જેટલા જાહેર વિસ્તારોમાં જનજાગૃતિ તથા ગુટખા પ્રતિબંધના કારણો સાથેના મોટા મોટા હોર્ડીંગ્સ લગાડવામાં આવ્યા છે. શહેરના મોટા ભાગનાં સર્કલો ઉપરાંત કચેરીઓની બહાર તથા જાહેર સ્થળો પર આ હોર્ડીંગ્સ લગાડવામાં આવ્યા હોવાનું ટ્રાફીક પી.આઈ. વાય.આર. ગામીતે જણાવ્યું છે. (તસવીર : વિપુલ ચૌહાણ)

# તપોવનમાં ભાઈઓ માટે અઢારીયું તપ

ગાંધીનગર, તા.૧૨

તપોવન સંસ્કાર પીઠના આદિનાથ દાદા અને અખંડ બાલા બ્રહ્મચારી શ્રી નેમિનાથ દાદાની છત્રછાયામાં પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખર વિજયજીમાં સાહેબના પ્રશિષ્ટ બાળ સંસ્કરણ પૂ. ભવ્ય કિર્તિ વિજય જી. મ.સા.ની શુભ નિશ્રામાં બાળકો, યુવાનોસ વડીલો માટે નવકાર મંત્રના લાયસન્સ સમાન અઢરીયા તપનું આયોજન તા. ૯મી નવેમ્બર થી ૨૮મી નવેમ્બર સુધી કરવામાં આવેલ છે. લાભાર્થી પરીવાર શાંતાબેન મફલાલ જોગાણી- નવસારી તથા ધનલક્ષ્મીબેન ભોગીલાલ ભીમાણી અમદાવાદ તરફથી યોજાયેલ અઢારીયા તપના અત્તરવાયણા તથા માળ અને બહુમાનનો કાર્યક્રમ ગોઠવેલ છે.

# સે-૧૬માં રોડ પરની દુકાનનું તાળું તોડી ૨૫ હજારની ઘરફોડ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૧૬માં આવેલા શોપીંગ સેન્ટરના જય ભોલે પાર્લરને ગત રાત્રિ દરમ્યાન તસ્કર ટોળકીએ નિશાન બનાવી ૧૦ નંગ મોબાઈલો ઉપરાંત રોકડ અને કોસ્મેટીકસની ચીજવસ્તુઓ મળીને કુલ રૂ. ૨૫ હજારની મત્તાની ઘરફોડ કરી તસ્કરો પલાયન થઈ ગયા છે. જિલ્લામાં દિન પ્રતિદિન ઘરફોડ ચોરીના વધી રહેલા કિસ્સાઓ ચિંતાજનક બની રહ્યા છે ત્યારે પોલીસની નાઈટ પેટ્રોલીંગની પોલ તસ્કરો દરરોજ ઘરફોડ રૂપે એક લપડાક મારીને ખોલી રહ્યા છે.

શહેરના સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય સામેના માર્ગ પર આવેલી શોપીંગ સેન્ટરના જય ભોલે પાર્લરમાં ગત રાત્રિએ ઘરફોડ ચોરી થવા પામી હતી. સે-૧૯ના સાંઈકૃપા ફલેટમાં રહેતા જય ભોલે પાર્લરના માલિક દિનેશભાઈ મુળજીભાઈ બારોટ તેમની દુકાનમાં મોબાઈલો પણ રાખતા હતા. રાત્રે ત્રાટકેલા તસ્કરોએ રોડ પર આવેલી આ દુકાનનું તાળું તોડીને અંદરથી ૧૦ નંગ મોબાઈલો તથા રૂ. ૧૫૦૦ની કિંમતની ચોકલેટો અને રૂ. ૪ હજારની કિંમતની શેમ્પુ, ફેસ વોસ સહિતની કોસ્મેટીક આઈટમો મળીને ૧૫ હજાર અને રૂ.૧૦ હજાર રોકડા સહિત રૂ. ૨૫ હજારની કિંમતની મત્તા ચોરીને તસ્કરો ફરાર થઈ ગયા હતાં. બરાબર રસ્તા પર આવેલી દુકાનનું તાળું તોડીને તસ્કરોએ પોલીસના કહેવાતા નાઈટ પેટ્રોલીંગના ધજાગરા ઉડાવી દીધા છે. આ બનાવ અંગે સે-૨૧ પોલીસને દિનેશ બારોટે જાણ કરી ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. ચૌહાણે ગુનો દાખલ કરી ફિંગરપ્રીન્ટ નિષ્ણાત તથા ડોગ સ્કવોર્ડની મદદ લઈ તપાસ આરંભી છે.

## આજે ઝૂલેલાલ સાંઈબાબા મંદિરે ભજન સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સેક્ટર-૩૦માં આવેલા શ્રી ઝૂલેલાલ-સાંઈબાબા મંદિરે આજે તા. ૧૩મી સપ્ટેમ્બર-૨૦૧૨ને ગુરૂવારના રોજ સાંજે ૭.૩૦ કલાકથી ૧૦ કલાક સુધી સાંઈ સંધ્યા, માતા કી ચૌકી, સાંઈ ભજન કાર્યક્રમ યોજવામાં આવશે.

સાંઈ ભજન મંડળ, વૈષ્ણવ દેવી મંદિર, ધર્મનગર સાબરમતીના કલાકારો દ્વારા સમગ્ર ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજવામાં આવશે. ધર્મપ્રેમી અને સાંઈ ભક્તોને ભજન સંધ્યાનો લાભ લેવા પ્રમુખ, સિંધી પંચાયત, ગાંધીનગર દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બળાત્કાર કેસમાં આરોપીને સાત વર્ષની સખત કેદ

## સરઢવની સગીરાનું અપહરણ કરી આરોપી મુંબઈ,ગોવા અને સુરત લઈ ગયો હતો

ગાંધીનગર, તા. ૧૨

સરઢવમાંથી સગીરાનું અપહરણ કરી તેણી પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૨૦ એપ્રિલ વર્ષ-૨૦૧૧ના રોજ જિલ્લાના સરઢવ ગામમાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાનું ગામમાં રહેતા આરોપી પિયુષ બાબુભાઈ પટેલે વાલીપણામાંથી અપહરણ કર્યું હતું. તેણીને લલચાવી ફોસલાવી આરોપી સગીરાને મુંબઈ, ગોવા અને સુરત જેવા શહેરોમાં લઈ ગયો હતો. આ દરમિયાન આરોપીએ તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો.

બનાવ સંદર્ભે ભોગવનનારના પિતાએ પેથાપુર પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જયારે તપાસના અંતે એલ.સી.બી. પોલીસે આરોપીને સુરતમાંથી ઝડપી લીધો હતો. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે કુમળી વયની બાળકી પર બળાત્કારના બનાવો વધ્યા છે ત્યારે આવા ગુનેગારોને સમાજમાં દાખલો બેસે તેવી સખત સજા કરવી જોઈએ. જે દલીલોને ધ્યાને લઈ એડીશનલ ડિસ્ટ્રીક્ટ જજ એસ.કે. બક્ષીએ આરોપીને સાત વર્ષની સખત કેદની સજા તેમજ રૂ. ૧૨ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

## ગાંધીનગર ખાતે આજે માસ મીડિયા કોમ્યુનિકેશન સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર, જિલ્લા માહિતી કચેરી ગાંધીનગર અને સાબરકાંઠાના સંયુકત ઉપક્રમે માસ મીડીયા કોમ્યુનિકેશન સેમિનારનું આયોજન ગાંધીનગરના નગરપાલિકા પરીષદ ભવન, સેકટર- ૧૧ ખાતે સવારે ૧૦- ૦૦ કલાકે કરવામાં આવ્યું છે.

સાં-ત સમયમાં ન્ટિ અને ઈલેકટ્રોનિક મીડિયાની ભૂમિકો વિષય પર દિવ્ય ભાસ્કરના મેગેઝિન એડિટર શ્રી મનીષ મહેતા તથા વિકાસલક્ષી પત્રકારત્વના બહુવિધ આયામોં વિષય પર ચિત્રલેખાના સિનિયર રિપોર્ટર શ્રી કેતનભાઈ ત્રિવેદી વકતવ્ય આપશે. આ સેમિનારમાં પીઢ પત્રકાર દોલત ભટ્ટ વિશેષ ઉપસ્થિત રહેશે. માસ મીડિયા કોમ્યુનિકેશન સેમિનારમાં સંદર્ભ- સંશોધન શાખા, ગાંધીનગરના નાયબ માહિતી નિયામકશ્રી ઉત્તામભાઈ મેવાડા તથા -દેશિક માહિતી કચેરી, અમદાવાદના નાયબ માહિતી નિયામકશ્રી કે.વી.ભગોરા ઉપસ્થિત રહેશે.

## ભા.જ.પ.માંથી ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૨

ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા આઠ વર્ષથી કામ કરતા ચંપાબેન વાઘેલાએ તેમની પક્ષમાં અવગણના થતાં ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી ગુજરાત પરિવર્તન પાર્ટીમાં જોડાયા છે.

ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી ચંપાબેન વાઘેલાએ રાજીનામું આપી તેમના એકાવન સાથી સભ્યો સાથે મધુકર પરમારની આગેવાની હેઠળ 'ગુજરાત પરિવર્તન પાર્ટી'માં જોડાયા છે જેને એમ.આર. પટેલ, સુનિલ ત્રિવેદી અને બકુલાબેન પરમારે આવકાર્યા છે.

## જલારામ સેવા સમાજનો ભાવસભર કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૧૨

અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ ઉમંગભાઈ ઠક્કર, મહામંત્રી ભગવાનભાઈ, મુકેશભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં જલારામ સેવા સમાજના સભ્યોની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો. અમૃતભાઈએ સ્વાગત પ્રવચન તથા અરવિંદભાઈ ઠક્કરે મહેમાનોને સ્મૃતિ ચિહ્નો દ્વારા સન્માનિત કરેલ હતા.

ઉમંગભાઈ ઠક્કરે સમાજ ખૂબ જ આગળ આવે એક બને યુવાધન, મહિલાઓ, પણ સામેલ થાય તેમ અનુરોધ કરેલ હતો. કાર્યક્રમનું સંચાલન જિતેન્દ્રભાઈ સંજાણીએ કરેલ હતું. મહિલા મંડળે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કોષાધ્યક્ષ રમેશભાઈ પુજારાએ આભાર વિધિ કરેલ હતી.

# દોલારાણા વાસણા ગામે રસ્તામાં પાણી કાઢવાની બાબતે બે જૂથ વચ્ચે મારામારીમાં નવને ઈજા

ચિલોડા, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના દોલારાણા વાસણા ગામે એક વાસમાં રહેતાં પરિવારો વચ્ચે વરસાદનું પાણી કાઢવાની બાબતે ઝગડાનું સ્વરૂપ પકડતાં ઈસમોને નાની-મોટી ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળે છે.

પોલીસ સૂત્રોમાંથી માહિતી મુજબ જિલ્લાના દોલાણા વાસણામાં ઘરની પાછળ વરસાદનું પાણી ભરાયું હતું. ત્યાં નેક કરીને થોરની વાડ કાપીને રસ્તામાં પાણી કાઢતાં ધુળાજી બાબુજી વણઝારાએ પાણી ન કાઢવા તથા રસ્તા અંગે જણાતા ઈસમો વચ્ચે ઉગ્ર બોલાચાલી તથા ગાળો બોલતા દાંતી વડે હૂમલો થતાં ભારે બુમાબુમ કરી મુકી હતી. ત્યારે તેમના પરિવારજનો છોડાવવા દોડી આવ્યા હતા ત્યારે તેમની વચ્ચે આરોપી રમેશજી વણઝારા, જોઈતાભાઈ વણઝારા તથા લાડુજી વણઝારા સાથે અથડામણ થતાં ફરિયાદી પક્ષના ઈસમો ધુળાજી બાબુજી, વિક્રમજી બુધાજી રૂપાજી જુવારજી, રમણજી બાબુજી, વનરાજ જગદીશભાઈ, હિંમતજી જવારજી, કૈલાસબેન જવારજી, જગદીશજી બુધાજી,લીલીબેન રમણજીને તમામને નાની-મોટી ઈજાઓ પહોંચતા તેઓને ખાનગી વાહનમાં દવાખાને લી જવાયા હતા. આ બનાવમાં ધુળાજી બાબુજી વણઝારાએ ચિલોડા પોલીસ સ્ટેશનમાં આંગે ફરિયાદ આપતા ત્રણ આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી પી.એસ.આઈ. એસ.આર. પટેલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની મિલકત વેરા સંદર્ભે રજૂઆત

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ અને મહામંત્રીએ તાજેતરમાં મહાનગરપાલિકાના નવા નિમાયેલા કમિશનરને રૂબરૂમાં મળી શુભેચ્છા પાઠવી મહાનગરપાલિકાના મિલકત વરા અંગેના અણઘડ નિર્ણયો અંગે રજૂઆત કરી હતી.

શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા કમિશનરને રૂબરૂમાં આવેદનપત્ર આપી એક ડઝન જેટલા મુદ્દાઓની લેખિતમાં રજુઆત કરી હતી. નાગરિકોને બિલ ભરવામાં પડતી હાડમારીઓ, મિલકત વેરાની ગણતરીમાં થયેલી દ્વિધાઓ, નોટીસ ફીના પૈસા વગેરેની રજૂઆતો કમિશનરે શાંતિથી સાંભળી હતી અને રજૂ કરેલા પ્રશ્નોનું સમાધાન આપવા આશ્વાસન આપ્યું હતું.

## ઓમકારેશ્વર મહાદેવ ખાતે ૧૫મીએ આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૨

ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત ભાગવત પારાયણ કથાના બીજા દિવસે તા,. ૧૫મી સપ્ટેમ્બરના રોજ બપોરે ૧.૦૦ કલાકે ઓમકારેશ્વર મહાદેવ સેકટર-૪ના મેદાનમાં પરમશ્રધ્યેય ગોકલાણી અને મંડળ દ્વારા આનંદના ગરબો યોજાશે. પ્રજ્ઞા પુત્રી રશ્મીબેન પટેલ દ્વારા ભાગવત કથાનો પ્રારંભ થશે. ભકતજનોને લાભ લેવા ગાયત્રી પરિવારે જણાવેલ છે.

## શાહપુર નદીમાંથી યુવાનનો તરતો મૃતદેહ મળતા ચકચાર

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના શાહપુર ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ નજરે પડયો હતો. પોલીસને જાણ કરતા ડભોડા પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. નદીમાંથી મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આદરી છે.

## એન.એસ.યુ.આઈ. દ્વારા રક્તદાન શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની સરકારી ઈજનેરી કોલેજ ખાતે આજે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિરમાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી રક્તદાન કર્યું હતું.

સરકારી ઈજનેર કોલેજ, ગાંધીનગરના કેમ્પસમાં તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા ભારે માત્રામાં રક્તદાન કરવામાં આવ્યું હતું. સમગ્ર દિવસ દરમિયાન ૨૦૭ જેટલી રક્તની બોટલો રક્તદાનમાં એકત્રિત થઈ હતી. રેડક્રોસ સોસાયટી દ્વારા વિદ્યાર્થીઓએ કરેલા રક્તદાનને બિરદાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એન.એસ.યુ. આઈ.ના પ્રદેશ મહામંત્રી અંકિત બારોટ,સુરેન્દ્ર નિનામા, યુવક કોંગ્રેસના જયદિપ ઠાકોર, વિરેન્દ્રસિંહ રાણા, આકાશ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય પ્રો. જે.બી. દવે તેમજ વર્કશોપ હેડ બીપીન પરમારે વિદ્યાર્થીઓને આ પ્રસંગે પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના ઉત્સાહી વિદ્યાર્થીઓ સંજય ધિંગા, કૃણાલ મિસ્ત્રી અને નિર્મલ પટેલે રક્તદાન કેમ્પનું સફળ આયોજન કર્યું હતું.

# શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા ગાંધીનગર ખાતે રોગનિદાન સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા દ્વારા ગ્રામ્યજનોના લાભાર્થે આગામી તા. ૧૬-૯-૨૦૧૨ના રોજ સવારે૯.૩૦થી બપોરે ૧.૦૦ દરમિયાન નિઃશુલ્ક રોગનિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુંછે. આ કેમ્પમાં આંખના રોગના નિષ્ણાત ડૉ. મનિષભાઈ જોશી, હાડકાના સર્જન ડૉ. આલાપભાઈ શાહ, કાન-નાક-ગળાના સર્જન ડૉ. જિજ્ઞેશભાઈ પટેલ, ડૉ. રમેશભાઈ લાલા, ડૉ. રાજેશભાઈ સોનેજી પોતાના સેવાઓનો લાભ આપશે. કેમ્પમાં દર્દીઓની તપાસ કરી જરૂરિયાતવાળા દર્દીઓને દવા, ચશ્મા, ઈન્જેક્શન નિઃશુલ્ક આપવામાં આવશે.

કેમ્પ દરમ્યાન આંખના નંબરની તપાસ, ઝામર, મોતિયાબિંદ, માથાના દુખાવાની તપાસ કરવામાં આવશે. ફેકોમશીન સાથે મોતિયાનું ટાંકા વગરનું ઓપરેશન પહેલા ૫૦ દર્દીઓ માટે ફક્ત ૬૦૦૦ રૂ.માં કરવામાં આવશે. આ ઉપરાંત સાંધાના દુખાવા, ગાંઠિયો વા, કમરનો તથા ઢીંચણનો દુખાવો, ગરદનના મણકાનો તથા સાંધાના ઘસારાની તપાસ કરવામાં આવશે. હાડકાની મજબૂતાઈનો ટેસ્ટ કરમાં આવશે. કાયમી શરદી, બહેરાશ, કાનના પડદા, ગળાના કાકડા તથા કાનની રસીની તપાસ પણ ઉપલબ્ધ થશે.

અશક્ત દર્દીઓ માટે વાહનની સુવિધા પણ ઉપલબ્ધ થશે. સંસ્થામાં કાયમી ધોરણે મેડિકલ સેન્ટર ચાલુ છે, (સોમવારથી શનિવાર સુધી સમય ૩.૩૦ થી ૫.૩૦) કેમ્પ અંગે વિશેષ માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય ફોન નં. ૨૩૨-૭૬૨૧૯, ૨૩૨-૭૬૪૮૩-૮૪ પર અથવા શ્રી જયંતિભાઈ શાહનો ફોન ૯૪૨૯૭-૭૫૫૫૪ પર સંપર્ક કરવા અનુરોધ છે.

## દુઃખદ અવસાન

શ્રી મહેન્દ્રભાઈ લાભશંકર મહેતાના માતૃશ્રી સ્વ. શ્રી કમળાબેનની પ્રાર્થનાસભા તા. ૧૩-૯-૨૦૧૨ના રોજ સાંજે ૪ વાગે સૌરાષ્ટ્ર પટેલ વાડી, સેક્ટર-૭, ગાંધીનગરમાં રાખેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૬

સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૨.૦૦, ૨.૩૦, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
રાઝ-૩ : ૧૦.૦૦, ૯.૩૦
જોકર : ૧૨.૩૦, ૨.૩૦, ૭.૧૫ ● એક થા ટાઈગર : ૪.૩૦

: સ્ક્રીન-૩ :
રાઝ-૩ : ૧.૦૦, ૩.૪૫
જોકર : ૭.૦૦ ● એક થા ટાઈગર : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ચલ પિકચર બના તે હૈ : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧.૦૦, ૧૦.૧૫
રાઝ -૩ : ૫.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૬.૦૦
રીવાયત : ૮.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઝ -૩ (૩ડી) : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
શીરીન ફરહાદ કી તો નીકલ પડી : ૧૦.૩૦, ૩.૩૦
એક થા ટાઈગર : ૧૨.૪૫,૫.૪૫, ૧૦.૧૫
જોકર : ૮.૧૫

: સ્ક્રીન-૩ :
રાઝ -૩ (૨ડી) : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૪૫, ૬.૩૦,૯.૧૫

: સ્ક્રીન-૪ :
રાઝ-૩ (૨ડી) : ૯.૦૦, ૨.૧૫, ૭.૪૫, ૧૦.૩૦
જોકર : ૧૨.૦૦ ● ધ એક્ષપન્ડેબલ-૨ (હિન્દી) : ૫.૦૦

### સૂર્યા, વાવોલ

રાઝ-૩ : ૧૨.૪૫, ૩.૪૫,૯.૪૫
કેમ કરી જાઉ પરદેશ (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રાઝ-૩ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ટોટલ રીકૉલ : ૧૦.૪૫, ૭.૩૦, ૯.૪૫
નિલકંઠ : ૧.૩૦, ૪.૩૦

: સ્ક્રીન-૩ :
જોકર : ૧૦.૩૦, ૭.૦૦, ૧૦.૦૦
રાઝ-૩ : ૧૨.૧૫, ૩.૧૫

### ચિરાગ, કલોલ

રાઝ-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અધિક ભાદરવા (પુરૂષોત્તમ) માસ નિમિત્તે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર-૨૧,ખાતે હિંડોળામાં પીળી ઘટા અને શૃંગારમાં ચાંદીના પલના.

## આપની આજ

**મેષ** : મિત્રોની સાથે સમય પસાર થઈ શકશે. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. આરોગ્યમાં સુધારો થઈ શકશે.

**મિથુન** : રાજકીય- સામાજિક સમસ્યાઓમાં સહયોહ કરવો પડશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું.

**કન્યા** : મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : કજ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે.

**મીન** : નવા સંબંધો બંધાશે. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ચીમનલાલ રાવલ (ઉ.વ.૮૦) મુ.પો. આલમપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. લતાબેન ગુણવંતરાય રાવલ (ઉ.વ.૭૭) મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. કાંતાબેન હમીરજી ઠાકોર (ઉ.વ.૫૨) મુ.પો. દેલવાડા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. નિરંજનાબેન બંસીલાલ ભાવસાર (ઉ.વ.૫૬) પ્લોટ નં. ૪૧૩/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. શુભદ્રાબેન મણીલાલ વાયડા (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૨૭૧/૨, સેકટર-૭/એ, ગાંધીનગર.
- સ્વ. આપાજી ધોળાજી ઠાકોર (ઉ.વ.૬૩) મુ.પો. તારાપુર, તા.જિ. ગાંધીનગર.
- સ્વ. અનિતાબેન સંજયભાઈ વર્મા (ઉ.વ.૪૩) પ્લોટ નં. ૪૨૦/૨, પ્રભુકૃપા ફલેટ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. કાળીદાસ આત્મારામ સુથાર(ઉ.વ.૮૦) મુ.પો. આમજા, તા. કલોલ, જિ. ગાંધીનગર
- પ્રાર્થના સભા :
  મહેન્દ્રભાઈ લાભશંકર મહેતાના માતૃશ્રી સ્વ. શ્રી કમળાબેનની સાંજે ૪.૦૦ કલાકે સૌરાષ્ટ્ર પટેલ વાડી સેકટર -૭ ગાંધીનગર..